ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

આપણી યુદ્ધે સીમાડા રેઢા, લાજે સ્વતંત્રતા!
ફૂંકે ભણગા ગણાવે વેઢા, લાજે સ્વતંત્રતા!
શહિદી જોઈ રડે છે સેઢા, લાજે સ્વતંત્રતા!
ખેંચે ધ્વજ દોરી, નેતા મીંઢા, લાજે સ્વતંત્રતા!

હાઈકુ

જ્ઞાતિ પથ્થરે,
છંછેડ્યો મધપૂડો -
અનામતનો..
(બીજા સમાજ જાગ્યા!)

બેસતી નથી -
સદ્ભાવના ની ટોપી -
એવા માથામાં..
(યુએઇ પ્રવાસ -
નિષ્ફળ પ્રયત્નો)

### ચિંતન

**કોષ પૂર્વાઃ સર્વારંભાઃ ।**
**તસ્માત પૂર્વ કોષમ વેક્ષતે ॥**

કોઈ પણ રાજયનો બધો જ રાજ કારભાર બધાં જ વહીવટી-સામાજિક વિકાસના કાર્યો બધું રાજયની તિજોરી પર નિર્ભર હોય છે. તેથી દરેક રાજાએ પહેલાં રાજયના કોષ-ધનભંડાર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આજકાલ ઉત્સવો-રથો-રેલીઓ-કલ્યાણ મેળા-કૃષિ રથનાં ખોટાં નાટકમાં વિશાળ બેનર જેટલા ચેક બનાવી ખર્ચ થાય છે પચ્ચીસ રૂપિયા આપવામાં પાંચસોના ખર્ચનું મોટું ચેકનું બેનર બનાવી ખોટો પ્રચાર થાય.

રાજાએ પૈસો-પ્રજાનો પરસેવો છે એમ સમજી ખૂબ જ કરકસરથી એનો ઉપયોગ કરવો જોઈએ.

ગરીબ પ્રજાનું કરવેરાથી રક્ષણ કરી ઉદ્યોગોમાંથી કેમ આવક થાય તે બાબતનું ચિંતન કરી પગલાં લેવાં જોઈએ.

### સુવિચાર

- ધર્મરાજ યુધિષ્ઠિરને ભ્રષ્ટ બુદ્ધિએ જ જુગાર રમવા પ્રેર્યા હતા - **રમેશ ઓઝા**
- પ્રતિભાશાળી માણસ સાવ નવરો બેસી રહેતો તેની કિંમત કોડીની યે નહીં રહે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમાણપણાની આદત કેળવો, ધૃણા તમારા સ્વભાવમાંથી વિદાય લેશે,
  શાણપણાની આદત કેળવો બે જવાબદારી તમારા જીવનમાંથી દૂર થશે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- પ્રામાણિક માણસો પાછળ કૂતરા ભસે તેથી તેના મૂલ્યમાં કોઈ ફેર પડતો નથી - **શરીફા વીજળીવાળા**
- સદ્ભાવથી ચહેરો સુચારું બને છે, અને ઈર્ષ્યા વેરઝેરથી ચહેરો કદરુપો બને છે - **ધર્મસૂત્ર**
- અજ્ઞાની દુઃખને 'વેઠે' છે... જયારે જ્ઞાની દુઃખને 'ભોગવી' લે છે - **નવનીત**
- સામગ્રી મહત્ત્વની નથી પણ મનનો સંતોષની સાધના મહત્ત્વની છે - **જનકલ્યાણ**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

સ્વામી રામકૃષ્ણ પરમહંસનો સત્સંગ ચાલતો હતો. એક શિષ્યએ હિંમતપૂર્વક પૂછ્યું : બાબા! આજકાલ બાવા-બાપુઓ અને રાધે માં ઓ નીકળી પડ્યાં છે અને શ્રદ્ધાળુ લોકોને કડવા અનુભવ થાય છે, તો સાચા અવતારી પુરુષને ઓળખવા કેમ?

પરમહંસે સ્મિત સાથે જવાબ દીધો :

જેના મનમાં કંચન અને કામીની ભમ્યા કરે છે એ લંપટ સાધુઓ છે વિશાળ એ.સી. આશ્રમો, બંગલા-જમીન-પ્લોટ-હેલીકોપ્ટર અને સ્થાવર-જંગમ વહીવટ કરનાર 'અવતારી સાધુ' કેમ હોઈ શકે?

કોઈ રીંગણા વેચનાર પાસે જઈને તમે હીરાનો ભાવ પૂછો તો એ રીંગણા સાથે જ તોલે ને?! એનાથી વધારે એ વિચારી કે આપી પણ ન શકે! હીરાની સાચી કિંમત જાણવા તો તમારે એના પારખુ ઝવેરી પાસે જ જવું જોઈએ.


જે મનથી જ અનાશક્ત, વૈરાગી છે જેણે તૃષ્ણાઓ કામનાઓ ભોગ-ઉપયોગનો ત્યાગ કર્યો છે તે જ અવતારી સંત-મહાત્મા હોઈ શકે..

# વડાપ્રધાન આરબ દેશોની મુલાકાતે

### તંત્રીસ્થાનેથી....

સંયુક્ત આરબ અમીરાતની બે દિવસની મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અબુધાબી અને દુબઈમાં પણ અન્ય દેશો જેટલી જ લોકપ્રિયતાનો લાઈવ શો યોજીને એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. સિનેજગતમાં રાજકપૂરને ગેટેસ્ટ શોમેનનું બિરુદ પ્રાપ્ત થયું હતું. રાજકપૂરને અને બોલીવુડના બાદશાહો કરતાં પણ ભારતના વડાપ્રધાન મૂઠી ઊંચેરા શોમેન શાબિત થયા છે. આરબોના દેશમાં હિંદુ મંદિર માટે મંજૂરી મેળવીને વડાપ્રધાને એમની હિંદુ હૃદય સમ્રાટ વાળી ઈમેજ જાળવી રાખી છે એની સાથે જ અબુધાબીની વિશ્વ વિખ્યાત મસ્જિદની મુલાકાત લઈ ધાર્મિક સૌહાર્દની પ્રતીતિ પણ કરાવી છે. કોંગ્રેસના કોઈ નેતાએ મસ્જિદની મુલાકાતા લીધી હોય તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વિશ્વ હિંદુ પરિષદ અને ખુદ ભાજપના નેતાઓએ કેવી ટીકા-ટિપ્પણી કરી હોત તે કલ્પી શકાય એમ છે. અડવાણી જેવા મોટા ગજાના રાષ્ટ્રીય નેતાએ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મહંમદ અલી ઝીણાની મજારની મુલાકાત લીધી એ બાબત કેટલી ચર્ચાસ્પદ બની હતી તે જણાવવાની જરુર ખરી? પરંતુ એ અડવાણી હતા, આ મોદી છે. મોદીના એકે એક પગલા પાછળ પદ્ધતિસરનું આયોજન હોય છે. એમને જેવો આવકાર ભારતીય સમુદાય તરફથી અમેરિકા અને જાપાનમાં મળ્યો હતો, એવો જ આરબ દેશોમાં મળ્યો છે. ભારતીય જનસમુદાય માટે મોદી હજી એક માત્ર તારણહાર જેવો દરજ્જો ભોગવી રહ્યા છે. ઘરઆંગણે અનેક મુદ્દે નામોશી અનુભવતા મોદી વિદેશમાં પ્રવેશતાંની સાથે ખીલી ઊઠે છે. એમની સેલ્ફી લેવાની સ્ટાઈલ જગતભરમાં જાણીતી બની ગઈ છે. દુબઈમાં પગ મૂકતાં પહેલાં એમણે યુએઈની રાજધાની અબુધાબીના શેખ સાથે બેઠક કરી છે અને મસ્જિદની મુલાકાત ઉપરાંત હિંદુ મંદિર માટે મંજૂરી મેળવી લીધી છે. એમને મસ્જિદની મુલાકાત બિહારની આગામી ચૂંટણીમાં ફળી શકે છે. પોતે મુસ્લિમ વિરોધી નથી બલકે ઈસ્લામિક દુનિયાના સમૃદ્ધ દેશો સાથે નિકટતા કેળવવા પ્રતિબદ્ધ છે, એવી પ્રતીતિ કરાવીને તેઓ બિહારના મુસ્લિમ મતદારાઓ પર સાનુકૂળ પ્રભાવ ઊભો કરવા કૃતસંકલ્પ છે. દાઉદનો પ્રશ્ન છેડીને વડાપ્રધાને મુંબઈ હુમલાના એ મોસ્ટ વોન્ટેડ ગુનેગારની ઊંઘ હરામ કરી દીધી છે. જો દાઉદની દુબઈ સ્થિત સંપત્તિ પર ટાંચ આવશે અને એની મિલકતો જપ્ત કરાશે તો મોદીને એનો જશ જરુર મળશે. જો કે યુએઈ દાઉદને પકડીને ભારતના હવાલે કરે એવી શક્યતા ઘણી ઓછી છે. દાઉદનો એક પગ પાકિસ્તાનમાં હોય છે અને બીજો દુબઈમાં. દુબઈના આર્થિક સામ્રાજયનો ઘસારો પહોંચે એવું લાગશે તો આ સમૃદ્ધ ઈસ્લામિક રાષ્ટ્ર હિંદુસ્તાન કરતાં દાઉદને વધારે અગત્યની અસ્કામત ગણશે એમાં શંકાને સ્થાન નથી. મોદી ઘરઆંગણે ઢીલા પડી રહ્યા છે ત્યારે સામે બિહારના પડકાર ટાણે જ ઈસ્લામિક આરબ દેશોમાંથી રોકાણ (ઈન્વેસ્ટમેન્ટ) ખેંચી લાવવાના નિમિત્તે અબુધાબી અને દુબઈની મુલાકાતે પહોંચી ગયા છે. ઈન્દિરા ગાંધી પછી ૩૪ વર્ષ બાદ ભારતીય વડાપ્રધાન યુએઈની મુલાકાતે ગયા છે. શેખ ઝાયેદ પ્રોટોકોલનો ભંગ કરીને એમને ઍરપોર્ટ પર રિસીવ કરવા ગયા, તે મોદીની ઈમેજનું એક વધારાનું છોગું ગણાશે.

# હેમુ ચંદન લાકડું : સળગીને દીયે સુવાસ



### ક્ષણના ચણીબોર



વી. એસ. ગઢવી

વીસમી ઓગસ્ટ, ૨૦૧૫ના દિવસે અષાઢી કંઠના લોકગાયક હેમુ ગઢવીની વિદાયને અડધી સદી પૂરી થશે. કલાધરોના દેહ તો કાળની સ્વાભાવિક ગતિ પ્રમાણે મહાપ્રમાણ કરે છે પરંતુ તેમની કળા તથા કૌશલ્યની સ્મૃતિ લોકસમૂહમાં યુગો સુધી ધરબાયેલી રહે છે. માત્ર છત્રીસ વર્ષની ઉમ્મરે આ મીઠા અને ઘેઘૂર કંઠનો કસબી ગયો તેનો આંચકો સહન કરવો તે સાહિત્યના પ્રેમીઓને કપરો હતો. ૩૬ વર્ષના કળાધરની ૫૦મી પુણ્યતિથિ આટલી વ્યાપક રીતે ઉજવાય તે જવલ્લેજ બને તેવો પ્રસંગ છે. લોકસાહિતત્યના અનેક કલાકારો પોતાની વ્યસ્તતાને અવગણીને પચાસ પચાસ પુણ્યતિથિના કાર્યક્રમો પોતાની સાહિત્ય સરવાણી થકી ઉજળા કરે તે પણ સાહિતત્ય જગતની એક અનેરી ઘટના છે. રામભાઈ કાગે હેમુભાઈની અનોખી હલક માટે લખ્યું છે.

હેતથી કરીને હલક
 દુહાનો બાંધે દોર
માનવગળામાં મોર
 હોંકારો જોને હેમવા.

હેમુ ગઢવીની માનવીય સંવેદનશીલતા પણ તેમના મધૂરા કંઠ ઉપરાંત લોકભોગ્યતાનું એક કારણ હોઈ શકે છે. આ બાબતનો રુદ્રદત્ત રાણાએ લખેલો એક પ્રસંગ ફરી ફરી માણવો ગમે તેવો છે. એક જૈફ તથા સાધારણ સ્થિતિના દેખાતા મહિલા આકાશવાણી રાજકોટના ઉંબરે આવીને ભા છે. માજી પૂછપરછ કરે છે : ''હેમુ ગઢવી કોણ છે? હેમુભાઈને સંદેશો મળતા અજાણ્યાં માજીને સ્નેહથી મળે છે. માજી ધ્રૂજતા સ્વરે વાત કરે છે : ''મારા એકના એક દિકરાનું અકાળ અવસાન થયું છે. મારા પર આભ તૂટી પડયું છે. દિકરાના આત્માની શાંતિ માટે ભજન કરવા છે. તમે આવો ખરા? મારી પસે નાણાં નથી. રુંધાયેલા કંઠે આટલું કહી માજી મૌન થઈ ગયા. તરતજ માજીનું સરનામું નોંધી લેવામાં આવે છે. ઢળતી સાંજે અને માતા શારદાની શાક્ષીએ તદન અજાણ્યા માજીના નાના મકાનમાં હેમુભાઈ, નટવરગિરી ગોસ્વામી તથા ટપુભાઈ પૂરા ભાવ અને સન્માન સાથે સૂંઢાળા દેવનું તેમના સુરીલા અવાજમાં ભાવપૂર્વક આવાહન કરતા નજરે પડે છે.

પરથમ પહેલા પૂજા તમારી
મંગળ મૂરતિ વાળા...

ભજનના ભાવમાં તલ્લિન થઈને માજીનો સંતાપ સમે છે. ઘટના નાની છે પરંતુ લોક કલાકારો તથા લોક વચ્ચેના એકત્વને ઉજાગર કરે છે. આવા કલાધારોને લોક કયાં કદી વિસરે છે? સમાજની દાદ મેળવવાના તેઓ સંપૂર્ણ હક્કદાર છે.

તન ચોખા મન ઉજળા
 ભીતર રાખે ભાવ
કિનકા બૂરા ન ચિંતવે
 તાકુ રંગ ચડાવ.

અઢારમી ઓગસ્ટે રાજકોટમાં અનેક ક્ષેત્રોના આગેવાનો તથા વિશાળ લોક સમૂહની ઉપસ્થિતિમાં ''હેમુ વરણી સાંજની પ્રસ્તુતિ સુવિખ્યાત કલાકારો ઉલ્લાસભેર કરવાના છે. હેમુભાઈની સ્મૃતિમાં આ વર્ષે પચાસમી પુણ્યતિથિને કારણે સળંગ કાર્યક્રમો ગાંધીનગર સહિત રાજયમાં અનેક સ્થળોએ યોજવામાં આવ્યા. હેમુ ગઢવી એ લોકગીતો, રેડિયો રૂપક, દુહા છંદની પ્રસ્તુતિમાં જૂદી ભાત પાડી છે. હેમુની સ્મૃતિ ચિરંજીવી છે. કવિ દાદના સુવિખ્યાત શબ્દો યાદ આવે.

મોંઘામૂલી સૌરાષ્ટ્રની રસધાર
 જે રચતો ગયો,
એ કલમની વાચા બની,
 તું ગીતડા ગાતો ગયો.
એ લોકઢાળો પરજના કોઈ
 'દાદ કંઠે ધારશે,
એ વખત આ ગુજરાતને
 યાદ હેમુ આવશે.

# અંત કે બાદ ભી તુમ બચ રહે હો...

### વિચારયાત્રા



ડો. જય ઓઝા

એક દિન ચુપચાપ હો જાગેયા અન્ત
વૈસે હી જૈસે
સિનેમાઘર મેં દેર તક બૈઠને કે બાદ
જબ તુમ બાહર નીકલતે હો
તો મૌસમ અકસર બદલ ગયા હોતા હૈ,
તુમ્હે દુઃખ નહીં હોગા
તુમને સુખ કા એક નીચલા સ્તર
સ્વીકાર કર લીયા હોગા તબ તક
ઔર તુમ્હારી ચીખ
જિંદગી કે લીયે નહીં,
ચીજો કે લિયે હો જાયેગી
હો સકતા હૈ, તબ વસંત હો
પર દૈનિક એકરસતાને તુમ્હેં
ઈતના સાહસી બના દિયા હોગા
કિ જહાં ફુલો કે અનગિન અગ્નિવન હોંગે
વહાં ભી તુમ કુછ નહીં દેખ સકોગે.
કોઈ અંતર નહીં રહ જાયેગા
ગર્મિયો મેં તપતી ધૂપ
ઔર તુમ્હારે પુરાને સ્વપ્નો મેં
તુમ્હે દૌનો સે પરેશાની હોગી
તુમ્હારે પાસ કોઈ ભાષા નહીં હોગી
શબ્દો કે એક નિષ્કરૂણ પરંપરા રહ જાયેગી
ઔર ભવિષ્ય, એક ભૂલે હુએ વિદેશી વ્યાકરણ કી તરહ
હો સકતા હૈ ઈતના સંતોષ તુમ્હે હૌ
કિ અનંત કે બાદ ભી
તુમ બચ રહે હો

**- અશોક વાજપેયી**

આ કવિતા બે વાર વાંચીને પછી આગળ વધવા જેવું છે. કવિતાના શબ્દો આલંકરિક કે સાહિત્યિક હશે પરંતુ તેનો ભાવ બિલકુલ સ્પષ્ટ છે.

આપણે સુખ અને દુઃખની વ્યાખ્યા શી કરીએ છીએ? ઘરમાં એ.સી. હોય એ સુખ છે... પણ આંગણામાં લીમડાની નીચે ખાટલો ઢાળીને નિરાંતે બેસવું અને લીમડાંની કુદરતી ઠંડક માણવાને આપણે સુખ નથી ગણતા...

ઑફિસ રિલેશન મેઈન્ટેઈન કરવા માટે અથવા બિઝનેશ વધારવા માટે તાજ હૉટલમાં ડિનર કરવું, દેખીતી રીતે જ અજાણ્યા લોકો જોડે પ્લાસ્ટીકીયા સ્માઈલ સાથે સેન્ટ્રલી એ.સી. રેસ્ટોરન્ટમાં કોન્ટિનેન્ટલ ખાવું સુખ છે...

પરંતુ સાંજે પરિવાર સાથે બેસીને ભાખરી શાક ને દૂધનું સાદું ભોજન લેતાં લેતાં બાળકો સાથે મજાક-મસ્તી કરતા કરતા સાત્ત્વિક ભોજન લેવાની ક્ષણોને આપણે સુખ માનીએ છીએ ખરા!

હમણાં જ એક મિત્ર સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે, દુનિયાના માંડ-પાંચથી દસ ટકા લોકો એવા છે કે જે દુનિયા ચલાવે છે... મલ્ટી બિલિયોનર અબજો - પતિ, ખર્વો પતિ લોકોની આ જે મંડળી છે તે **ELITE** લોકો તરીકે ઓળખાય છે... આ ઈલાઈટ લોકોએ વિચાર્યું કે જો હંમેશા આપણે બાકીના ૯૦ ટકા લોકો ઉપર રાજ કરવું હશે... અને આપણું આ સ્થાન, આપણી સર્વોપરિતા જાળવી રાખવી હશે તો આ બીજા ૯૦ ટકા લોકોને એવા રવાડે ચડાવી દો કે તેઓ આપણી કક્ષા સુધી પહોંચવાનો વિચાર કરવાનો સમય જ ન કાઢી શકે...

આપણે બધા એવી રેટ રેસના હિસ્સા બની ગયા છીએ કે જેની કોઈ ફિનીશીંગ લાઈન જ નથી... જેવું આપણને લાગે કે હવે આ સામે જ લાલ રિબન આવી ગઈ અને હવે રેસ પૂરી થવામાં જ છે, જીત હાથવેંત છેટી છે... ત્યાં જ ફિનીશીંગ લાઈન વધારી દેવામાં આવે છે, મૃગજળની પાછળ દોડતાં આપણે લક્ષ્ય વગરની ઘેટા ચાલમાં ઘસડાતા રહીએ છીએ...

અને જોવાની ખૂબી એ છે કે આપણે આ સિસ્ટમથી એટલા **USUED TO** થઈ ગયા છીએ કે... આપણને મળતા દુઃખ, યાતના, અત્યાચાર, નિરાશા, અન્યાયને આપણે સુખના બાહ્ય રેપરમાં પૅક કરીને આણી ગીફ્ટ સમજી લઈએ છીએ.

આપણે સુખનું એવું નીચલું સ્તર સ્વીકારી લીધું છે કે કયારેક દુઃખ જ ન થાય... આપણી દોટ જીવન માટે **Quality of life** માટે નહીં પરંતુ વસ્તુઓ માટે થઈ ગઈ છે.

આપણે એની મોનોટોનલ લાઈફના ચક્કરમાં ફસાઈ ચૂક્યા છીએ કે, સાચા સુખની સાત્ત્વિક અને તાત્ત્વિક વ્યાખ્યા ફગાવી દઈને કાલ્પનિક મૃગજળ જેવા દુઃખરુપી સુખને અપનાવી લીધું છે...

અગાઉ કહ્યું તેમ બીજી શેરીમાં રહેતા મિત્ર કે સંબંધીને ઘરે જઈને મળીને ચા-પાણી કરવા કરતા **G-Talk** પર કે **Whatt app** પર ચેટીંગ કરવાનું વધુ સોફિસ્ટીકેટેડ ગણીએ છીએ...

આ ઉનાળામાં આંબાના ઝાડ પરથી આવતા કોયલના ટહૂકાનો કે બપૈયાના કલરવનો આનંદ વિનામૂલ્યે મળે છે... પણ આપણે મોબાઈલમાં નવી નવી રીંગટોન ડાઉનલૉડ કરીને શેખી મારવામાં વધુ આનંદ મેળવીએ છીએ.

બીજા દ્વારા કરેલા ફોરવર્ડેડ મેસેજને સવાર સવારમાં **good morning** ની ટૅગ લાઈન સાથે મોબાઈલમાં **send to many** ઑપ્શનમાં જઈને બધાને બલ્ક મેસેજ મોકલી શિષ્ટાચાર પૂરો કરવાનો આનંદ ઉઠાવતા આપણે પોતીકી અભિવ્યક્તિ વ્યક્ત કરવાનું વિસરી ચૂક્યા છીએ...

કવિ કવિતાના અંતમાં ગેઈલ જેવી ટાવરીંગ સિક્સ મારતા કહે છે કે આપણે બધા બેજોડ છીએ... કે આપણને એટલો સંતોષ છે કે આપણે જે આ અંતરનો અંત આવી ગયો હોવા છતાં આપણે બચી ગયા છીએ...

સુખ મળ્યાની ભ્રાંતિમાં જીવતા આપણે સાચા સુખને નિર્મળ આનંદને તો કયાંક છેટે મૂકી આવ્યા છીએ...

આપણને અત્યારે જે મળ્યું છે એ સુખ નથી... એ તો એક છેતરામણો હથેળીનો ચાંદ છે... આપણી માંહે જે અંતરાત્મા પોકારને ડામી દઈને સાત્ત્વિક જીવનનો આનંદ નહીં પણ વસ્તુઓ પાછળ દોટ લગાવનારા આપણે જયારે બે મિનિટનો સ્ટ્રેટજીક બ્રેક લઈને વિચારશું તો ધ્યાનમાં આવશે કે સુખ મેળવવા માટે કયાંક દોડવાની જરુર નથી. બસ અંદર જ ડૂબકી લગાવવાની છે...

**- jayuoza@gmail.com**

# પડોસીને રાજી રાખવા, એમને મદદરૂપ થવું, સાથે મળીને સુખ-દુઃખને વહેંચવા, એના ભલા માટેની પ્રાર્થના કરવી એ જ સાચો પડોસી છે

### અજવાળું - અજવાળું



તુષાર જોશી

'ભૈયા, જબ ઈતની તકલીફ તો ફિર હમારે ઘરકે સામને કયું રહેતો હો?'

સંગીતાએ સામે રહેતા પડોશીને કહ્યું અને સાંભળનારના ઘરમાં શાંતિ છવાઈ ગઈ!! એમના જ ઘરમાં આવીને કોઈ એમને જ આવું કહે એવી કલ્પના જ કયાંથી હોય?

અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક એક મોટર કંપનીમાં અધિકારી તરીકે કાર્યરત દક્ષિણ ભારતીય ડી સેન્થીલની પત્ની હતી સંગીતા. પ્રાથમિક શાળામાં ભણતા દિકરા-દિકરી સાથે એમનો પરિવાર અમદાવાદ-સાણંદ વચ્ચે ઘુમા ગામમાં નવી જ બનેલી એક ટાઉનશીપમાં મકાન ભાડે લઈને રહેવા આવ્યા હતા.

અમદાવાદ જિલ્લો, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને દક્ષિણ ભારતમાં મૂળ ધરાવતાં પરિવારો અહીં રહેતા હતા.

વેહલી સવારથી મોડી રાત્રી સુધી લોકો પોતપોતાના ધંધા-વ્યવસાય કે નોકરીમાં અને ઘરકામમાં વ્યસ્ત રહેતા. પરંતુ ટાઉનશીપના સ્પોર્ટ્સ એરિયામાં બેડમિંગ્ટન રમતા યુવાનો સાથે નિયમિત જોડાઈને સેન્થીલે પોતાનું મિત્ર વર્તુળ બનાવી લીધું હતું તો પત્ની સંગીતાને લોકપ્રિય બનાવી દીધી હતી. દક્ષિણ ભારતીય સ્ત્રીઓને હાથવગી એવી રંગોળી કરવાની કળાએ.

મોટાભાગના લોકો જૂન-જુલાઈમાં ફલૅટમાં રહેવા આવ્યા બાદ સહુના માટે પ્રથમ દિવાળી ઑકટોબરમાં



આવી હતી. પોતાના બ્લૉકમાં ભોંયતળીયે અને ૫તાના ચોથા માળની ખાલી જગ્યામાં સંગીતાએ દોરેલી રંગોળી જોઈને આસપાસના સહુ અચંબો અને આનંદ બંને પામ્યા હતા. બસ ત્યારથી સંગીતાનો આસપાસમાં રહેતા ધરોબો થઈ ગયો હતો.

એને નડતી એક માત્ર મુશ્કેલી હતી ભાષાની, છતાં સ્થાનિક પડોશી સાહેલીઓ સાથે કામ પાડવાથી લઈને દૂર દૂર સરકારી ઓફિસમાં જઈને રેશન કાર્ડ - આધાર કાર્ડ કઢાવવા જેવા સરકારી કામો પુરાં કરવામાં ભાંગ્યું-તુટ્યું હિન્દી-ગુજરાતી અને શુદ્ધ અંગ્રેજી બોલીને તે પોતાનું કામ પુરું કરી લેતી હતી. ફલૅટમાં સમાન ફલોર પર તથા ઉપર-નીચે રહેતા પરિવારો સાથે સંગીતાનું હૈયું મળી ગયું હતું. એકબીજાના ઘરેથી જાતજાતની અને ભાતભાતની સ્વાદિષ્ટ વાનગી બનાવીને અરસ-પરસ આપવાનો વાટકી વ્યવહાર હોય કે ફલૅટના રહીશોનું સમૂહ ભોજન અને પિકનિક, બધામાં સંગીતા ઉત્સાહથી જોડાતી.

શિયાળાના દિવસોમાં રોજેરોજ એને ઘરનો ઊંબરો પુજતી તથા આંગણામાં રંગોળી પુરતી ને દીવો પ્રગટાવી જોઈને સામે રહેતા પારિવારિક સ્વજને કહ્યું હતું, 'સંગીતાજી, આપ એક આદર્શ વ્યક્તિત્વ હૈ'

અને આજે એ જ સંગીતાએ એક જ સ્વજનને લેખના આરંભે લખેલું વાક્ય કહી સંભળાવ્યું હતું.

વાત એમ બની હતી કે સામે રહેતા સ્વજનના ઘરમાં એલ્યુમિનિયમની સીડી ન હતી. ઘરમાં કોઈને કોઈ કામે હમણાં હમણાં બે-ચાર વાર સીડીની જરુર પડી. સંગીતાને ત્યાંથી લઈ આવતા અને પાછી આપી આવતા. ઘરમાં ચર્ચા થઈ કે વારેવારે લેવા જઈએ, એમને ડીસ્ટર્બ કરીએ એ સારું નહિ, એટલે રૂા. ૨૨૦૦ ખર્ચ કરીને નવી સીડી લઈ આવ્યા હતા. કોઈ કામે સંગીતા આ ઘરમાં આવી હશે, તેણે જોઈ અને પુછ્યું કે સીડી નવી લાવ્યાં? જવાબમાં પડોશી સ્વજને કહ્યું કે વારે વારે તમને કયાં હેરાન કરવા? એટલે પડોશી હોવાની લાગણીથી વ્યથિત થઈને સંગીતાએ કહ્યું કે સામસામે લેવડ-દેવડ કરવાનો, પારિવારિક સંબંધો હોય ત્યાં વળી સંકોચ કે હેરાનગતિ શાની? એના પ્રેમને વશ થઈને હવે ભવિષ્યમાં આવી ભૂલ બીજી વાર નહિ કરીએ એમ કહ્યું એ પછી જ સંગીતાએ હાશ થઈ.

ગામ-નગર છોડીને લોકો મહાનગરોમાં વસતાં ગયા એ પછી જે જુની કહેવતો વધુ યથાર્થ પુરવાર થઈ છે એમાંથી એક કહેવત છે 'પહેલો સગો પડોસી.' સારા-માઠા અવસરે આપણી સમીપ રહેનાર કે પહોંચી જનાર સૌથી પહેલો વ્યક્તિ પડોસી હોય છે, કારણ કે સગાં-વહાલાં કે પરિવારજનો તો સ્વાભાવિક રીતે દૂર દૂર રહેતા હોય છે. અને જેમની સાથે પડોશી હોવાને કારણે પારિવારિક સ્વજનપણું અનુભવાય છે એમની જ હૂંફ અને મદદ આપણને રોજીંદા જીવનમાં મળતી હોય છે. ઘરના વડિલોનો ખ્યાલ રાખવો, બાળકોને શાળાએ લેવા-મુકવા જવા, ઘરમાં અચાનક કોઈ મહેમાન આવે ને તાત્કાલિક કોઈ વસ્તુની જરૂરિયાત પૂરી કરવી, ઉત્સવો અને તહેવારોમાં ઉજાણી કરવી, દુઃખનાં પ્રસંગે એકબીજાની પડખે ઊભા રહેવું, વાહનમાં લીફ્ટ આપવી, સાથે ખરીદીમાં જવું જેવા અનેક કાર્યો છે જેમાં પડોસી તરીકેની આપણી ભૂમિકા ઉજળી થાય છે! કયાંક કયારેક મનદુઃખ, ઝઘડા થતા હશે, પરંતુ એમાં પણ જો થોડી સમજદારી અને પ્રેમ ભળે, સામેના માણસની સંભાળ લેવાની ભાવના ભળે, સાથે રહેવાનો આનંદ માણવાની અનુભૂતિ ભળે તો અંતરાયો પણ દૂર થઈ શકે છે. આસપાસમાં રહેતા યુવાનોના કારણે કેટલાય પરિવારો એકબીજાના વેવાઈ બન્યાના દાખલા પણ કયાં ઓછા છે?

પડોસીને રાજી રાખવા, એમને મદદરુપ થવું, સાથે મળીને સુખ-દુઃખને વહેંચવા, એના ભલા માટેની પ્રાર્થના કરવી એ જ સાચો પડોસી છે. અને આવી રીતે હળીમળીને રહેવાથી રોજ-બરોજના જીવનમાં અજવાળું અજવાળું અનુભવાય છે.

**તેજ પૂંજ :**

ન બોલે તેને બોલાવજો, જેન ન આવે
તેને ઘેર જજો, જે રિસાય તેને રીઝવજો.
ને બધું તેમના ભલાને સાહું નહિ,
પણ તમારા ભલાને સારું કરજો!

**- મો. ક. ગાંધી**